# FIRST INFORMATION REPORT

## પ્રથમ માહિતી અહેવાલ

## (Under Section 173 B.N.S.S)

## (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 173 હેઠળ)

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | District (જીલ્લો) | અમદાવાદ શહેર | Police Station (પોલીસ સ્ટેશન) | ગાયકવાડ હવેલી | Year (વર્ષ) | 2025 | FIR No. (પ્ર.મા.અ.ક્રમાંક) | 11191021250123 | Date (તારીખ) | 03/04/2025 | | |

2 (i) Act (અધિનિયમ): બી.એન.એસ — Sections (કલમો): 308(2),54

3 (a) (ક) Occurrence of offence: (ગુન્હો બન્યાનો સમયગાળો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| Day. (દિવસ) | બુધવાર | Date from (તારીખથી) | 22/01/2020 | Date to (તારીખ સુધી) | 20/12/2024 |
| Time Period (સમયગાળો) | | Time from (કલાકથી) | 08:00 | Time to (કલાક સુધી) | 23:55 |

(b) (ખ) Information received at PS: (પોલીસ મથકે માહિતી મળ્યા) — Date (તારીખ): 03/04/2025 — Time (સમય): 19:30

(c) (ગ) General Diary Reference:Entry No. (સ્ટેશન ડાયરી સંદર્ભ: એન્ટ્રિ નં) — Time (સમય):

4 Type of Information:(માહિતીનો પ્રકાર) પોલીસ સ્ટેશનમાં લખીને મોકલેલ

5 Place of Occurrence: (ઘટનાનું સ્થળ)

(a) (ક) Direction and distance from P.S. (પોલિસ સ્ટેશનથી દિશા અંતર): પૂર્વ ,1.00 (કિ.મી.) — Beat No. (બીટ નંબર):

(b) (ખ) Address (સરનામું): કાચની મસ્જીદ સૈયદ પાન કોર્નરની બાજુમાં સિમરન કોમ્પલેક્ષ માં સિમરન ડેવલોપર્સ નામની , અમદાવાદ શહેર.

(c) (ગ) In case, outside the limit of this Police Station, then (પોલીસ સ્ટેશનની હદની બહાર હોય તો તે પોલીસ સ્ટેશનનું નામ)

Name of P.S. (પોલીસ સ્ટેશનનું નામ): — District (જીલ્લો):

6 Complainant/Informant: (ફરિયાદી / બાતમીદાર)

(a) Name: મોહમ્મદ બિલાલ (b) Father's/ મોહમ્મદ હનીફભાઈ

| | | | | | |
|---|---|---|---|---|---|
| (ક) | (નામ) | મોહમ્મદ હની ફભાઇ શેખ | (ખ) | Husband's Name (પિતા/પતિનું નામ) | શેખ |
| (c) (ગ) | Date/Year of Birth (જન્મ તારીખ / વર્ષ) | | 33 | (d) (ઘ) | Nationality (રાષ્ટ્રીયતા) ભારતીય |
| (e) (ઙ) | | | | | |
| (f) (ચ) | Occupation (ધંધો) | વહેપારી | (g) (છ) | Address (સરનામું) | સીમરન બંગ્લોઝ ગ્રાઉન્ડ ફ્લોર કાચની મસ્જીદ જમાલપુર અમદાવાદ શહેર, અમદાવાદ શહેર. |

7 Details of known/suspected/unknown accused with full particulars:
(Attach seperate sheet, if necessary)
(ઓળખાયેલ/શકમંદ/વણઓળખાયેલ આરોપીની તમામ વિગતો સાથેની માહિતી)
(જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી)

| | Accused Name (તહોમતદારનું નામ) | Age(Approx.) (ઉમર) (આશરે) | Address (સરનામું) |
|---|---|---|---|
| (1) | જ્વલીતભાઇ ખત્રી આર ટી આઇ એક્ટીવીસ્ટ | | |
| (2) | બિલાલ લુહાર | | |
| (3) | હારૂન બેલીમ | | |
| (4) | ઈમરાન શેખ | | |
| (5) | અલ્પેશ દેસાઈ | | |
| (6) | ભરત મહેતા | | |

8 Reasons for delay in reporting by the complainant/Informant
(ફરિયાદી/બાતમીદાર તરફથી ગુન્હાની જાણ કરવામાં વિલંબ થવાના કારણો)

હાલમાં ધંધામાં મંદી ચાલતી હોય મારી પાસે પૈસાની સગવડ ના હોય જેથી કંતાળી આજરોજ અત્રે પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા આવેલ છે

9 Particulars of properties stolen(Attach seperate sheet, if necessary)
(ચોરાયેલી/ગુન્હામાં સંડોવાયેલ ચીજ વસ્તુઓની વિગતો) (જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી).

10 Total value of property stolen
(ચોરાયેલી / ગુન્હામા સંડોવાયેલ ચીજ વસ્તુઓની કુલ કિમંત)

11 Inquest Report/U.D. case No. if any
(મૃત્યુ વિષયક તપાસ અહેવાલ / અકુદરતી મોતનો નંબર હોય તો તે)

12 First Information contents(Attach seperate sheet, if required)
(પ્રથમ માહિતી અહેવાલની વિગતો)(જરૂર જણાયતો અલાયદો કાગળ જોડવો)

આ કામે હકિકત એવી છે કે ઉપરોક્ત તારીખ ટાઇમ અને જગ્યાએ ઉપરોક્ત સામાવાળા જ્વલીત ખત્રી તથા અલ્પેશ દેસાઇ નાએ પોતે આર.ટી.આઇ. કરી ફરિશ્રીની સાઇડોની માહીતી મંગાવી ફરિશ્રીને વોટસઅપ કોલ કરી બાંધકામની મંજુરી મે

ળવેલ નથી તો આ બાબતે લાગતી વળગતી જગ્યાએ જાણ કરી તમારૂ ગેરકાયદેસર બાંધકામ તોડાવી નાખીશુ. તેમ જણાવી ફરિશ્રીને ડરાવી ફરિશ્રી પાસેથી રૂપિયા બાવીસ લાખ પાંત્રીસ હજાર તેમજ હારૂન બેલીમ તથા બિલાલ લુહાર તથા ઈમરાન શેખ તથા ભરત મહેતાએ નાઓએ પોતે ન્યુઝમાં હોવાનુ તેમજ આર.ટી.આઇ. એક્ટીવીસ્ટ હોવાનુ જણાવી અમારી સાઇડોના ફોટા અમોને મોકલી બાંધકામ પરમીશન વગરનુ હોય તોડી નખાવાનો ડર બતાવી રૂપિયાની માંગણી કરી રૂપિયા એક લાખ વીસ હજાર મળી આ તમામે ફરિશ્રી પાસેથી કુલ્લે રૂપિયા ત્રેવીસ લાખ સાઇઠ હજાર રૂપિયા અલગ અલગ સમયે લઈ જઈ ખંડણી ઉઘરાવેલ હોય અને હાલમાં પણ આ લોકો ફરીશ્રી પાસે વધુ પૈસા ની માંગણી કરતા હોય અને હાલમાં ધંધામાં મંદી ચાલતી હોય ફરિશ્રી પાસે પૈસાની સગવડ ના હોય જેથી કંટાળી આજરોજ અત્રે પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા આવેલ છે તમામ વિરૂધ્ધ મારી કાયદેસર તપાસ થવા ફરીયાદ છે

Complaint(ફરિયાદ)

તા:- ૦૩/૦૪/૨૦૨૫

મારૂ નામ મોહમ્મદ બિલાલ મોહમ્મદ હનીફભાઇ જાતે - શેખ ઉ.વ.૩૩ ધંધો-વેપાર રહેવાસી- સીમરન બંગ્લોઝ ગ્રાઉન્ડ ફ્લોર કાચની મસ્જીદ જમાલપુર અમદાવાદ શહેર મો.નં - ૯૮૨૫૧૨૭૬૦૫. ૯૯૦૯૧૦૦૬૦૫,

રૂબરૂમાં આવી જાહેર કરી મારી ફરીયાદ હકિકત લખાવુ છુ કે હુ ઉપર બતાવેલ સરનામે મારા પરિવાર સાથે રહુ છુ. અને કાચની મસ્જીદ સૈયદ પાન કોર્નરની બાજુમાં સિમરન કોમ્પલેક્ષ માં સિમરન ડેવલોપર્સ નામની ઓફીસ ધરાવી બાંધકામની સાઇડો બનાવી મકાનો વેચવાનુ કામ કરુ છુ.

મેં સને-૨૦૨૦ માં સાનીયા રેસીડેન્સી નામની સાઇડ જમાલપુર કાચની મસ્જીદ પાસે ચાલુ કરેલ અને આ સાઇડનુ બાંધકામ ચાલુ હતુ તે દરમ્યાન તા.૨૨/૦૧/૨૦૨૦ ના રોજ મારા ઉપરોક્ત મોબાઇલ નંબર ઉપર મો.નં.૯૮૨૫૦૯૭૨૭૩ ઉપરથી વોટ્સએપ કોલ આવેલ અને મને જણાવેલ કે હુ જ્વલીત ખત્રી આર.ટી.આઇ.એક્ટીવીસ્ટ બોલુ છુ. અને તમે જમાલપુર ખાતે જે સાનીયા રેસીડેન્સી નામથી સાઇડનુ બાંધકામ ચાલુ કરેલ છે. જેમાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનમાંથી બાંધકામની મંજુરી મેળવેલ નથી અને તમોએ બે માળથી વધુનુ ગેરકાયેસર બાંધકામ કરી રહ્યા છો તેમ જણાવી મારા વોટસઅપ ઉપર ફોટાઓ વિગેરે મોકલેલ અને આ જ્વલીત ખત્રીએ મને જણાવેલ કે મેં આ બાબતે આર.ટી.આઇ. કરી આ સાનીયા રેસીડેન્સીની માહીતી મંગાવતા તેમા તમોએ બાંધકામની મંજુરી મેળવેલ નથી તો તમે મને માણેકચોક ખાતે આવીને મળી જાઓ નહી તો આ બાબતે લાગતી વળગતી જગ્યાએ જાણ કરી તમારૂ ગેરકાયદેસર બાંધકામ તોડાવી નાખીશુ. તેમ જણાવતા આ જ્વલીત મારુ બાંધકામ તોડાવી નખાવી મને મોટુ નુકશાન કરશે તેમ લાગેલ અને હુ ડરી ગયેલ અને આ જ્વલીત ખત્રીને ફોન કરી માણેક ચોક બેંક ઓફ બરોડા સામે રાત્રીના બારેક વાગે મળવા ગયેલ અને આ જ્વલીત ખત્રીને મળેલ અને આ જ્વલીત ખત્રીએ મને જણાવેલ કે તમારે તમારી સાઇડોના ગેરકાયદેસર બાંધકામ બાબતે કોઇ કાર્યવાહી ન કરવી હોય તો તમારે મને પાંચ લાખ રૂપિયા આપવા પડશે જેથી મે તેઓને વાતચીત કરતા છેલ્લે સાડા ચાર લાખ રૂપિયા નક્કી થયેલ અને મને આ મારૂ સાનીયા રેસીડેન્સી નુ બાંધકામ તુટી જવાનો ડર હોય અને આ જ્વલીત ખત્રી અમારા બાંધકામ બાબતેની આર.ટી.આઇ. કરી માહીતી મંગાવી બાંધકામ તોડાવી નાખવાની ધમકી આપી જો પૈસા નહી આપો તો અમદાવાદ મ્યુ.કો.માં આ બાબતની જાણ કરવાનુ કહેતો હોય જેથી હુ તેને પૈસા આપવા રાજી થઇ ગયેલ અને મોડી રાત્રીના મેં આ જ્વલીત ખત્રીને રૂપિયા (૨,૦૦,૦૦૦/-) બે લાખ રોકડા માણેક ચોક બેંક ઓફ બરોડા પાસે તેમજ રૂપિયા (૨,૫૦,૦૦૦/-) અઢિ લાખ તા:- ૨૯/૦૮/૨૦૨૦ ના રોજ આપેલા હતા. અને ત્યાર બાદ આ જ્વલીત ખત્રીએ મને તા:- ૨૭/૦૯/૨૦૨૦ ના રોજ તેના કોઇ ઓળખીતા મોબાઇલ નંબર - ૯૯૭૮૧૨૯૪૭૬ ઉપર ગુગલ પે કરવા જણાવતા મેં રૂપિયા દસ હજાર (૧૦,૦૦૦/-) ગુગલ પે કરેલા અને ત્યારબાદ આ જ્વલીત ખત્રીએ મારી બહેન સિમરન નુ મકાન જમાલપુર સરદાર એપાર્ટમેન્ટ ની સામે આલિયા ફ્લેટની બાજુમાં કામ ચાલુ હોય જે બાંધકામ બાબતે પણ મકાન ના ફોટા મારા મોબાઇલ માં મોકલી અગાઉ ની જેમ પૈસાની માંગણી કરતા તા.૨૫/૧૦/૨૦૨૧ ના રોજ રૂપિયા (૧,૫૦,૦૦૦/-) એક લાખ પચાસ હજાર રોકડા માણેકચોક ખાતે જઈ આપેલ ત્યારબાદ તા:-૦૪/૦૩/૨૦૨૩ ના રોજ મારી સમસાદ હાઇટર્સ જમાલપુર ગાજીપીર ખાતે બાંધકામ ચાલુ હોય ત્યારે પણ આ જ્વલીત ખત્રીએ મને અમારી સાઇટના ફો

ટા મોકલી વોટસઅપ કોલ કરી મળી જવાનુ અને જો નહી આવો તો અમદાવાદ મ્યુ.કો.માં અરજીઓ કરી બાંધકામ તોડા વી દેવાની ધમકીઓ આપતો હોય જેથી હુ તેને માણેક ચોક ખાતે મળવા ગયેલ ત્યારે તેણે મારી પાસે સાડા પાંચ લાખ રૂપિ યાની માંગણી કરેલ જેથી તે દિવસે રૂપિયા બે લાખ (૨.૦૦.૦૦૦/-) રોકડા અમારા મેનેજર યુનુસભાઇ લુહાર સાથે મોક લાવેલ તેમજ અને તા:-૨૫/૦૩/૨૦૨૩ ના રોજ રૂપિયા બે લાખ (૨.૦૦.૦૦૦/-) રોકડા હુ પોતે જઇ આ જ્વલીત ખ ત્રીને માણેક ચોક જઇ હાથો હાથ આપેલ અને ત્યારબાદ આ જ્વલીત ખત્રી મને જણાવતો કે મારા જેવા બીજા પણ છે તે ઓને પણ તારે સાચવવા પડશે તેમ જણાવેલ અને તા:- ૨૯/૦૪/૨૦૨૩ ના રોજ આ જ્વલીત ખત્રીના મારફતે તેના ઓ ળખીતા અલ્પેશ દેસાઇ જેનો મો.નં.- ૯૮૨૫૭૨૦૩૧૪ નો છે. તેણે મારા મેનેજર યુનુસભાઇ નાઓને ફોન કરી જણાવ તા મારા મેનેજર યુનુસભાઇ રૂપિયા પચ્ચીસ હજાર (૨૫.૦૦૦/-) રાયપુર ખાતે જઇ આ અલ્પેશ દેસાઇને હાથો હાથ આ પી આવેલા. અને ત્યારબાદ તા:-૧૩/૧૦/૨૦૨૩ ના રોજ આ જ્વલીત ખત્રીનો મારા ઉપર વોટસઅપ કોલ કરી બાકીના રૂપિયા માંગતા હુ માણેક ચોક ખાતે જઇ રૂપિયા દોઢ લાખ (૧.૫૦.૦૦૦/-) રોકડા આપી આવેલ અને ત્યારબાદ ફરી તા: -૨૪/૧૦/૨૦૨૩ ના રોજ આ જ્વલીત ખત્રીનો મારા ઉપર વોટસઅપ કોલ કરી બાકીના રૂપિયા માંગતા હુ માણેક ચોક ખાતે જઇ રૂપિયા એક લાખ (૧.૦૦.૦૦૦/-) રોકડા આપી આવેલ અને ત્યારબાદ તા:- ૧૦/૧૧/૨૦૨૩ ના રોજ ફરી આ જ્વલીત ખત્રીનો મારા ઉપર વોટસઅપ કોલ કરી રૂપિયા માંગતા હુ માણેક ચોક ખાતે જઇ રૂપિયા એક લાખ (૧.૦૦. ૦૦૦/-) રોકડા આપી આવેલ ત્યારબાદ સને-૨૦૨૪ માં જમાલપુર ખાતે કાચની મસ્જીદ પાસે ઇરવા હાઇટસ તેમજ ઇર વા હાઇટસ - ૦૨ ની સ્કીમ ચાલુ કરેલ ત્યારે પણ આ જ્વલીત ખત્રીએ અગાઉની જેમ મને જણાવેલ કે આ તારા બાંધકા મ બાબતે આર.ટી.આઇ. મારફતે માહીતી મેળવેલ છે અને તેમાં પણ તમારે બાંધકામની પરવાનગી નથી જો તમારૂ બાંધ કામ સહી સલામત રાખવુ હોય તો તમારે મને રૂપિયા આપવા પડશે તેમ જણાવતા મેં તેઓને કહેલ તમે વારેઘડીએ મને ખોટી રીતે ડરાવો નહી તેમ કહેતા આ જ્વલીત આ બાબતે અમદાવાદ મ્યુ.કો.માં જાણ કરવાનુ કહેતા મેં આ જ્વલીતના માં ગ્યા મુજબ તા:- ૧૫/૦૨/૨૦૨૪ ના રોજ જ્વલીત ખત્રીનો વોટસઅપ કોલ કરી રૂપિયા માંગતા રૂપિયા એક લાખ (૧.૦ ૦.૦૦૦/-) ગોળલીમડા મ્યુ.કો. સામે જઇ આ જ્વલીત ખત્રીને હાથો હાથ આપેલ અને ફરી તા- ૨૪/૦૪/૨૦૨૪ ના રો જ જ્વલીત ખત્રીનો વોટસઅપ કોલ કરી રૂપિયા માંગતા રૂપિયા એક લાખ એસી હજાર (૧.૮૦.૦૦૦/-) માણેક ચોક ખા તે હાથો હાથ આપેલ ત્યારબાદ તા:- ૦૪/૦૯/૨૦૨૪ ના રોજ જ્વલીત ખત્રીનો વોટસઅપ કોલ કરી રૂપિયા માંગતા રૂપિ યા બે લાખ (૨.૦૦.૦૦૦/-) માણેક ચોક ખાતે જઇ હાથો હાથ આપેલ ત્યારબાદ તા:- ૨૦/૦૯/૨૦૨૪ ના રોજ જ્વ લીત ખત્રીનો વોટસઅપ કોલ કરી રૂપિયા માંગતા રૂપિયા એક લાખ (૧.૦૦.૦૦૦/-) માણેક ચોક ખાતે જઇ હાથો હાથ આપેલ ત્યારબાદ તા:- ૨૧/૧૦/૨૦૨૪ ના રોજ જ્વલીત ખત્રીનો વોટસઅપ કોલ કરી રૂપિયા માંગતા રૂપિયા એક લાખ (૧.૦૦.૦૦૦/-) માણેક ચોક ખાતે જઇ હાથો હાથ આપેલ ત્યારબાદ તા:- ૧૧/૧૨/૨૦૨૪ ના રોજ જ્વલીત ખત્રીનો વોટસઅપ કોલ કરી રૂપિયા માંગતા મારે ત્યાં કામ કરતા અનીશ નાસીરભાઇ મેઉ નાને મોકલી રૂપિયા એક લાખ (૧.૦૦. ૦૦૦/-) માણેક ચોક ખાતે આપેલ અને ત્યારબાદ ફરી તા:- ૨૦/૧૨/૨૦૨૪ ના રોજ જ્વલીત ખત્રીનો વોટસઅપ કોલ કરી રૂપિયા માંગતા રૂપિયા પચાસ હજાર (૫૦.૦૦૦/-) માણેક ચોક ખાતે હાથો હાથ આપેલ અને આ સિવાય પણ આ જ્વલીત ખત્રીના મળતીયા હારૂન બેલીમ કે જેનો મો.નં.- ૮૩૪૭૦૬૧૮૭૧ નાએ મારા મોબાઇલ ઉપર વોટસઅપ કોલ કરી મારી સાઇડના ફોટા મોકલી પોતે એમ.આઇ.એમ. ન્યુઝ માંથી છે. અને તમારૂ બાંધકામ ખોટુ છે જેથી તમારે અમને આ વાત નહી છાપવા માટે રૂપિયા આપવા પડશે તેમ જણાવી તેઓને પણ અમોએ તા:- ૨૮/૦૪/૨૦૨૩ ના રોજ તેણે આપેલ મોબાઇલ નંબર - ૯૯૭૮૦૩૨૫૩૧ ઉપર રૂપિયા દસ હજાર (૧૦.૦૦૦/-) તથા તા:- ૧૪/૦૧/૨૦૨૩ ના રો જ રૂપિયા પાંચ હજાર (૫.૦૦૦/-) ગુગલ પે મારફતે ઓનલાઇન આપેલ અને તે સિવાય પણ બિલાલ લુહાર કે જેનો મો. નં.- ૯૮૨૫૯૦૩૧૧૨ નાએ મારા મોબાઇલ ઉપર વોટસઅપ કોલ કરી મારી સાઇડના ફોટા મોકલી પોતે ન્યુજમાંથી છે અને તમારૂ બાંધકામ ખોટુ છે જેથી તમારે અમને આ વાત નહી છાપવા માટે રૂપિયા આપવા પડશે તેમ જણાવી તેઓને પ ણ અમોએ તા:- ૩૧/૦૮/૨૦૨૧ ના રોજ રોકડા રૂપિયા પચ્ચીસ હજાર (૨૫.૦૦૦/-) તેમજ તા:- ૨૪/૦૮/૨૦૨૩ ના રોજ રૂપિયા પાંચ હજાર (૫.૦૦૦/-) તથા તા:- ૦૫/૧૦/૨૦૨૩ ના રોજ રૂપિયા પચ્ચાસ હજાર (૫૦.૦૦૦/-) રોકડા અમારી ઓફીસે આવી લઇ ગયેલ. ત્યારબાદ ઇમરાન શેખ (દરીયાપુર) કે જેનો મો.નં. ૯૧૭૩૮૩૭૭૮૩ નાએ મારા મો બાઇલ ઉપર વોટસઅપ કોલ કરી મારી સાઇડના ફોટા મોકલી પોતે ન્યુજમાંથી રિપોર્ટર બોલુ છુ. અને તમારૂ બાંધકામ

ખોટુ છે જેથી તમારે અમને આ વાત નહી છાપવા માટે રૂપિયા આપવા પડશે તેમ જણાવી તેઓને પણ અમોએ તા:- ૨૦/૧૨/૨૦૨૪ ના રોજ રોકડા રૂપિયા પંદર હજાર (૧૫.૦૦૦/-) સાદ બેકરી ખાતે આપેલા. તેમજ કાલુપુર દરવાજા ખાતે ઓફીસ ધરાવી આર.ટી.આઇ.અંગેનુ કામ કરતા ભરત મહેતા જેનો મો.નં. ૯૩૨૭૦૫૮૫૫૫ નો છે તેઓએ મારા મોબાઇલ ઉપર મારી ચાલતી સાઇડોના ફોટા મોકલી તમારૂ બાંધકામ ખોટી રીતે કરેલ છે જેની મંજુરી નથી અને હુ આર.ટી.આઇ.એક્ટીવીસ્ટ તરીકે કામ કરુ છુ. અને તમારી માહીતી મારી પાસે છે તમે મને વેવાર નહી કરો તો હુ તમારૂ કામ પુરૂ નહી થવા દઉ તેવી ધમકી આપી મારી પાસે રૂપિયાની માંગણી કરતા મેં આ ભરત મહેતાને તા:- ૨૫/૦૩/૨૦૨૩ ના રોજ મારા મેનેજર યુનુસભાઇના હાથે રોકડા રૂપિયા ચાલીસ હજાર (૪૦.૦૦૦/-) તેમજ તા:- ૨૭/૦૨/૨૦૨૪ ના રોજ રોકડા રૂપિયા પંદર હજાર (૧૫.૦૦૦/-) તેઓની ઓફીસે મોકલાવેલ હતા.

જેથી આ ઉપરોક્ત જ્વલીત ખત્રી તથા અલ્પેશ દેસાઇ નાએ પોતે આર.ટી.આઇ. કરી મારી સાઇડોની માહીતી મંગાવી મને વોટસઅપ કોલ કરી બાંધકામની મંજુરી મેળવેલ નથી તો આ બાબતે લાગતી વળગતી જગ્યાએ જાણ કરી તમારૂ ગેરકાયદેસર બાંધકામ તોડાવી નાખીશુ. તેમ જણાવી મને ડરાવી મારી પાસેથી રૂપિયા બાવીસ લાખ પાંત્રીસ હજાર (૨૨.૩૫.૦૦૦/-) તેમજ હારૂન બેલીમ તથા બિલાલ લુહાર તથા ઇમરાન શેખ તથા ભરત મહેતાએ નાઓએ પોતે ન્યુજ માં હોવાનુ તેમજ આર.ટી.આઇ. એક્ટીવીસ્ટ હોવાનુ જણાવી અમારી સાઇડોના ફોટા અમોને મોકલી બાંધકામ પરમીશન વગરનુ હોય તોડી નખાવાનો ડર બતાવી રૂપિયાની માંગણી કરી રૂપિયા એક લાખ વીસ હજાર (૧.૨૦.૦૦૦/-) મળી આ તમામે મારી પાસેથી કુલ્લે રૂપિયા ત્રેવીસ લાખ સાઇઠ હજાર રૂપિયા અલગ-અલગ સમયે લઇ જઇ ખંડણી ઉઘરાવેલ હોય અને હાલમાં પણ આ લોકો મારી પાસે વધુ પૈસા ની માંગણી કરતા હોય અને હાલમાં ધંધામાં મંદી ચાલતી હોય મારી પાસે પૈસાની સગવડ ના હોય જેથી કંતાળી આજરોજ અત્રે પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા આવેલ છુ જેથી આ ઉપરોક્ત તમામ વિરૂધ્ધ મારી કાયદેસર તપાસ થવા ફરીયાદ છે મારા સાહેદ મારા મેનેજર યુનુસ લુહાર તથા પોલીસ તપાસમાં મળી રહે તે વિગેરે છે. મારી પાસે આ લોકોએ માંગેલ ખંડણી બાબતેના કોલરેકોર્ડ તેમજ વોટસઅપમાં મોકલેલ ફોટા વિગેરે એક પેન ડ્રાઇવમાં રાખેલ છે જે રજુ કરુ છુ.

એટલી મારી ફરીયાદ હકિકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી છે.

રૂબરૂ

અનાર્મ હેડ કોન્સ

ગા.હવેલી પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર

13 Action Taken : Since the above information reveals commission of offence(s) u/s as mentioned at Item No. 2:
(લીધેલ પગલાં : ઉપરના અહેવાલની ઉપરની આઇટમ નં.(2) માં જણાવ્યા પ્રમાણેનો ગુન્હો બન્યાનું જણાઇ આવતા)

(1) Registered the case and took up the investigation or(કેસની નોંધણી કરી તપાસ હાથ ધરી છે)

(2) Directed (Name of I.O.) take up the Investigation or(તપાસ કરનાર અધિકારીનું નામ):- ચીરાગભારથી વાસુદેવભારથી ગોસાઇ Rank(હોદ્દો):- પોલીસ ઇન્સ્પેકટર
No.:- cvg140782 to take up the Investigation or(નંબર)

F.I.R. read over to the complainant/informant, admitted to be correctly recorded and a copy given to the complainant/informant, free of cost.
(પ્રથમ માહિતી અહેવાલ ફરિયાદી / બાતમીદારને વાંચી સંભળાવેલ છે અને ફરિયાદીએ લખાવ્યા પ્રમાણેજ નોંધવામાં આવેલ છે. તેવુ ફરિયાદી / બાતમીદારે સ્વીકરેલ છે અને ફરીયાદી / બાતમીદારને તેની નકલ વિના મુલ્યે આપવામાં આવી છે.)

R.O.A.C.

(વાંચી સંભળાવવામાં આવ્યું અને તે બરાબર છે.)

Signature of Officer in charge, Police Station
(પોલીસ મથકનો હવાલો ધરાવતા અધિકારીની સહી.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| 14 | Signature/Thumb Impression of the complainant/informant.<br>(ફરિયાદી/બાતમીદારની સહી/અંગૂઠાની છાપ) | Name (નામ) | પંકજકુમાર આત્મારામભાઈ મકવાણા | | |
| | | Rank (હોદ્દો) | હેડ કોન્સ્ટેબલ | GPF No (જીપીએફ નંબર) | pam290178 |
| 15 | Date and time of dispatch to the court.<br>(ફરિયાદ કૉર્ટમાં રવાના કર્યાની તારીખ અને સમય) | 03/04/2025 19:45 | | | |